ક્રમાંક : માધ્ય/ખ–૧/કાયમી બહાલી/૦૯–૧૦/૧૦૯૭૨–૧૧૩૨૧

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
C/0.મોહનદાસ ગાંધી વિદ્યાલય,
જયુબેલી બાગ પાસે, રાજકોટ
તા.૧૭–૧૧–૨૦૦૯

જરૂરી.

પ્રતિ,
**આચાર્યશ્રી / આચાર્યાશ્રી,**
તમામ ગ્રાંટેડ માધ્યમિક અને ઉ.મા.શાળાઓ,
**રાજકોટ જિલ્લો.**

વિષય : શાળાના શૈક્ષણીક અને બિન શૈક્ષણીક, તમામ કર્મચારીઓની ભરતીને કાયમી બહાલી આપવાની બાબત

સંદર્ભ : (૧) ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧/૨૦૦૯/૩૫૧૬૨૦–ગ , તા.૨૫–૦૮–૨૦૦૯

(૨) સંયુકત નિયામકશ્રી(હિસાબ), કમિશ્નરશ્રી, મ.ભો.અને શાળાઓની કચેરી,ગાંધીનગર ના પત્રાંક : હ–અડટ/બહાલી/૦૯–૧૦/૭૪૨૦–૪૭, તા.૨૭–૦૮–૨૦૦૯

(૩) ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ગાંધીનગરના સુધારા ઠરાવ ક્રમાંક : બમશ/૧૧/૨૦૦૯/૩૫૧૬૨૦–ગ , તા.૦૩–૧૦–૨૦૦૯

(૪)સંયુકત નિયામકશ્રી(હિસાબ), કમિશ્નરશ્રી, મ.ભો.અને શાળાઓની કચેરી,ગાંધીનગર ના પત્રાંક : હ–અડટ/બહાલી/૦૯–૧૦/૮૯૭૧–૯૦૧૬, તા.૦૩–૧૦–૨૦૦૯

(૫) ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ગાંધીનગરના સુધારા ઠરાવ ક્રમાંક : બમશ/૧૧/૨૦૦૯/૩૫૧૬૨૦–ગ , તા.૧૫–૧૦–૨૦૦૯

(૬) સંયુકત નિયામકશ્રી(હિસાબ), કમિશ્નરશ્રી, મ.ભો.અને શાળાઓની કચેરી, ગાંધીનગર ના પત્રાંક : હ–અડટ/જીઆઈએ/૦૯–૧૦/૯૭૧૬–૯૭૬૫, તા.૨૮–૧૦–૨૦૦૯

જયભારત સાથ ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, જિલ્લામાં આવેલ તમામ બિન સરકારી ગ્રાંટેડ શાળાઓના શૈક્ષણીક અને બિન શૈક્ષણીક, તમામ કર્મચારીઓની ભરતીને ગ્રાંટના હેતુ માટે આ કચેરી દ્વારા કામચલાઉ બહાલી આપવામાં આવે છે અને આવી આપવામાં આવતી કામચલાઉ બહાલીને ઓડીટના હેતુ માટે ; કમિશ્નરશ્રીની કચેરી–ગાંધીનગર દ્વારા કાયમી બહાલી મેળવવાની પ્રથા અમલમાં હતી.

ઉકત પ્રથામાં સંદર્ભદર્શિત ઠરાવ–૧ થી, સરકારશ્રી દ્વારા, ગ્રાંટના હેતુ માટે કાયમી બહાલી મેળવવાની પ્રથામાં નવી જોગવાઈઓ થઈ આવેલ છે. જે નવી જોગવાઈઓને સંદર્ભપત્ર–૨ થી કમિશ્નરશ્રી દ્વારા અમલવારી અર્થે આ કચેરીને મોકલવામાં આવેલ છે. ત્યાર બાદ સંદર્ભ–૧ ના ઠરાવની જોગવાઈમાં જુદા–જુદા પ્રકારના બે સુધારોઓ અનુક્રમે સંદર્ભ–૩ અને સંદર્ભ–૫ થી થયેલ છે. જે સુધારા ઠરાવોની જાણ તથા અમલવારી અર્થે , કમિશ્નરશ્રીની કચેરી–ગાંધીનગર દ્વારા અનુક્રમે સંદર્ભ–૪ અને સંદર્ભ–૬ થી આ કચેરીને સુધારા જોગવાઈઓ મોકલવામાં આવેલ છે.

**સંદર્ભ ઠરાવો –૧ , ૩ અને ૫ અને તેની અમલવારી અર્થેની સુચનાઓના સંદર્ભ પત્રો–૨ , ૪ અને ૬ ની ટૂંક વિગતો નીચે પ્રમાણે ધ્યાન પર મુકવામાં આવે છે.**

(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૯૯/૧૮૩૧/ગ, તા.૧૦–૨–૨૦૦૦ થી તમામ ભરતીઓ માટે કામચલાઉ (એડહોક) બહાલી આપવાની સુચનાઓ જાહેર થયેલ. જે જોગવાઈ બાદ , નવી સુધારેલ જોગવાઈ અનુસાર **તા.૧–૪–૨૦૦૫ કે , ત્યાર બાદ આપવામાં આવેલ તમામ કામચલાઉ બહાલીઓ માટે ," બિન સરકારી માધ્યમિક શાળાઓમાં સહાયક સંવર્ગમાં ભરતી થાય છે તેથી સહાયક સંવર્ગમાં પાંચ વર્ષ સંતોષકારક રીતે પુરા થયા બાદ નિયત સંવર્ગમાં નિમણુંક થાય ત્યારે કાયમી બહાલી આપવાની રહેશે."**

થયેલ જોગવાઈ અનુસાર , જે જિલ્લા શિક્ષણાધિકારી ફરજ પર હશે, તે જિલ્લા શિક્ષણાધિકારીને તેમની નિવૃતી માટે એક વર્ષ થી વધુ સમય ફરજનો બાકી હશે તે જ કાયમી બહાલી આપી શકશે. આમ ન હોવાના સંજોગોમાં, આપવાની થતી કાયમી બહાલીની દરખાસ્ત ચકાસણી સહ , આ કચેરી મારફત કમિશ્નરશ્રી, ગાંધીનગરને રજુ કરવાની રહેશે અને તેમના દ્વારા આ બાબતેનો નિર્ણય , ચકાસણી કર્યા બાદ બે માસના સમયમાં લેવાશે.

(૨) સહાયક સંવર્ગમાં પસંદગી પામતાં ઉમેદવારની, જે કોઈ પણ લાયકાતો પૈકી ,કોઈ લાયકાતો રાજય બહારની યુની.ની હોય, તેવા કર્મચારીઓની માર્કશીટ અને ડીગ્રી પ્રમાણપત્રોની ખરાઈ , કમિશ્નરશ્રી, મ.ભો.અને શાળાઓની કચેરી–ગાંધીનગર મારફતે કરાવવાની રહેશે અને આવી ખરાઈના આધારો સાથે જ કાયમી બહાલી મેળવી શકાશે.

(૩) ખાતા દ્વારા, અનુદાનના ઓડીટ વખતે પાંચ થી દસ ટકા બહાલીઓની રેન્ડમલી પ્રતિક ચકાસણી કરી શકાશે. અને જો કોઈ અનિયમીતતાઓ , નિયમોનો ભંગ વગેરે બાબતો ધ્યાન પર આવશે તો તેવી બાબતો ,ખાતા દ્વારા શિક્ષણ વિભાગને સુચનો સાથે જણાવવામાં આવશે.

(૪) કચેરી દ્વારા આપવામાં આવતી કાયમી બહાલીઓની નકલ , કચેરી દ્વારા ખાતાના વડા કમિશ્નરશ્રી અને શિક્ષણ વિભાગ, ગાંધીનગરને જાણ સારૂ અચૂક મોકલવાની રહેશે.

(૫) શ્રમ અને રોજગાર વિભાગના તા.૧૪–૬–૨૦૦૬ ના ઠરાવ અનુસાર, રોજગાર વિનિયમ કચેરીમાંથી નામો મંગાવીને ભરતી કરવાની સુચનાઓ આપવામાં આવેલ. આ અપાયેલ સુચનામાં ફેરફાર થતાં, તા.૦૩–૧૦–૨૦૦૭ ના ઠરાવ અન્વયે ," રોજગાર વિનિમય કચેરી ઉપરાંત બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાન પત્રોમાં જાહેરાત આપી ભરતી કરી શકાશે." તેવી જોગવાઈ થઈ આવેલ. જે અન્વયે તા.૧૪–૬–૨૦૦૬ થી તા.૧૭–૧૦–૨૦૦૬ દરમ્યાન, માત્ર વર્તમાન પત્રમાં જાહેરાત આપીને ભરતી કરવામાં આવેલ કર્મચારીઓની ભરતીને, જયાં સુધી શિક્ષણ વિભાગ તરફથી સ્પષ્ટતા ન આવે ત્યાં સુધી, અનુદાનના હેતુ માટે ,કાયમી બહાલી આપવી નહી. શિક્ષણ વિભાગની સ્પષ્ટતા થયા બાદ જ આવા કિસ્સાઓમાં અનુદાનના હેતુ માટે બહાલી આપવાની રહેશે.

(૬) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮–૦૩–૧૯૯૯ ના ઠરાવ ક્રમાંક : પવશ/૧૬૯૬/૮૭૮/ ગ–૪ ની જોગવાઈ મુજબ અનામત કેટેગરીની જગાઓ બિન અનામત કે અન્ય કેટેગરીમાં તબદીલ થઈ શકતી નથી. જે બાબત ધ્યાનમાં રાખવાની રહેશે.

(૭) કાયમી બહાલી અપાયેથી, આવી કાયમી બહાલી બાબતેના રજીસ્ટરો , જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ નિભાવવાના રહેશે.

(૮) કાયમી બહાલીના કેસોને કામચલાઉ બહાલીની તારીખના ક્રમમાં નિર્ણીત કરવાના રહેશે.

**ઉકત ટૂંક જોગવાઈઓ ધ્યાને લેતાં, કચેરી કક્ષાએ અને શાળા કક્ષાએ હાથ ધરવાની થતી કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે. જેનો ચૂસ્ત પણે અમલ કરવાનો રહેશે.**

(૧) કચેરી તરફથી આપવામાં આવતી કામચલાઉ (એડહોક) બહાલીની પ્રથા ચાલુ જ છે.

(૨) કચેરી તરફથી કામચલાઉ બહાલી મળ્યા બાદ, પસંદગી પામેલ ઉમેદવાર હાજર થયાના દિન–૧૦ ની અંદર , જો આવા ઉમેદવારની કોઈ પણ લાયકાતો રાજય બહારની યુની.માંથી મેળવાયેલી હોય, તો તેવા કેસ માટે, ઉકત મુદા નં.–૨ માં જણાવેલી બાબત લાગુ પડતી હોય, આવી રાજય બહારની તમામ લાયકાતોની માર્કશીટો અને તેની લાયકાતના ડીગ્રી પ્રમાણપત્રોની ચાર નકલો ,શાળાના આચાર્ય દ્વારા પ્રમાણીત કરીને , આ કચેરીને પ્રમાણપત્રોના ખરાઈ પણા માટે દરખાસ્ત નીચેના નમુનામાં , આધારો સાથે કરવાની રહેશે. આવું ન થવાના સંજોગોમાં વિલંબ માટે શાળા મંડળ જવાબદાર ગણાશે.

ઉપરાંત તા.૧–૪–૨૦૦૫ પછી નિમાયેલ હોય અને કાયમી બહાલી મેળવવાની બાકી હોય, તેવા કર્મચારીઓના કિસ્સામાં , વેરીફીકેશન માટે માર્કશીટ તથા પ્રમાણપત્રો આ કચેરીને રજુ કરાયેલ ન હોય, તેવા કર્મચારીઓના માર્કશીટ તથા ડીગ્રી પ્રમાણપત્રો પણ વેરીફીકેશનના હેતુ માટે,ઉકત વિગત મુજબ આધારો સાથ, સત્વરે દિન–૧૦ માં આ કચેરીને રજુ કરવાના રહેશે.

**તા.૦૧–૦૪–૨૦૦૫ પછી નિમણુંક પામેલ હોય અને લાયકાત રાજય બહારની યુની.ની ધરાવતા હોય, તેવા કેસોની વિગત**

**શાળાનું નામ :**

| ક્રમ | ઉમેદવારનું નામ | હોદો | કામચલાઉ બહાલી આપ્યાની તારીખ | નિમણુંક તારીખ | હાજર થયા તારીખ | રાજય બહારની લાયકાત અને પાસ કર્યાનું વર્ષ | રાજય બહારની યુની.નું નામ અને રાજય | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

(૩) હવેથી, તા.૦૧–૦૪–૨૦૦૫ ના રોજ અને ત્યાર બાદથી નિમાયેલા, તમામ સંવર્ગના સહાયક કર્મચારીઓ માટે કાયમી બહાલી મેળવવા માટેની પાત્રતા તારીખ, ફરજ પર હાજર થયા બાદ **પાંચ વર્ષ સંતોષકારક નોકરી પૂર્ણ** થયેથી થાય છે. જેથી આ સાથે સામેલ ચેકલીસ્ટ તથા તે મુજબના આધારો સહ, કાયમી બહાલી મેળવવાની દરખાસ્ત, પાંચ વર્ષ પૂર્ણ થયે તુરત જ આ કચેરીને કરવાની રહેશે.

...૩...

આ પ્રકારે કાયમી બહાલી મેળવ્યા બાદ જ પૂર્ણ પગારમાં સમાવવાની દરખાસ્ત કરવાની રહેશે.

**નોંધ :** જે કિસ્સાઓમાં કાયમી બહાલીની મંજુરી કમિશ્નરશ્રી તરફથી મળી ગયેલ છે. તેવા કિસ્સાઓ માટે સહાયક સંવર્ગના પાંચ વર્ષ પૂર્ણ થયા બાદ ફરીથી કાયમી બહાલી મેળવવાની રહેતી નથી.

(૪) કમિશ્નરશ્રી, ગાંધીનગર તરફથી જુની પ્રથા પ્રમાણેની, આ કચેરીને પરત કરવામાં આવેલ, શાળાઓના શૈક્ષણીક / બિન શૈક્ષણીક કર્મચારીઓની કાયમી બહાલી દરખાસ્ત(એક નકલ) તેમજ આ કચેરી ખાતે શાળાઓ તરફથી રજુ થયેલ કાયમી બહાલી દરખાસ્ત (બે નકલ), શાળાઓને અલગ પત્રથી પરત કરવામાં આવશે.

(૫) તા.૦૧–૦૪–૨૦૦૫ પહેલા નિમણુંક પામેલ હોય તેવા કર્મચારીઓની કાયમી બહાલી કમિશ્નરશ્રી, ગાંધીનગર તરફથી મેળવવાની થતી હોય, કમિશ્નરશ્રીની કાયમી બહાલી મેળવવાની બાકી હોય / મળેલ ન હોય ,તેવા કર્મચારીઓની માહિતી સત્વરે દિન–૧૦(દસ) માં આ કચેરીને નીચેના પત્રકમાં મોકલી આપવાની રહેશે.

**તા.૦૧–૦૪–૨૦૦૫ પહેલા નિમણુંક પામેલ હોય અને કમિશ્નરશ્રીની કાયમી બહાલી મેળવવાની બાકી હોય તેવા કેસોની વિગત દર્શાવતું પત્રક**

શાળાનું નામ :

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | જિ.શિ.અ.એ કામચલાઉ બહાલી આપ્યાની તારીખ | હાજર થયા તારીખ | નોંધ |
|---|---|---|---|---|---|
| | | | | | |

(૬) તા.૦૧–૦૪–૨૦૦૫ કે તે પછી નિમણુંક પામેલ હોય, તેવા કર્મચારીઓની માહિતી સત્વરે દિન–૧૦ માં , નીચેના પત્રકમાં આ કચેરીને રજુ કરવાની રહેશે.

**તા.૦૧–૦૪–૨૦૦૫ પછી નિમણુંક પામેલ હોય તેવા કર્મચારીઓની વિગત દર્શાવતું પત્રક**

**શાળાનું નામ :**

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | જિ.શિ.અ. એ કામચલાઉ બહાલી આપ્યાની તારીખ | હાજર થયા તારીખ | કમિશ્નરશ્રીની કાયમી બહાલી જુની પ્રથા પ્રમાણે મળેલ છે ? હા/ના | જો હા , તો કમિશ્નરશ્રી , ગાંધીનગર તરફથી મળેલ કાયમી બહાલી ના નંબર/તારીખ(પત્રની નકલ સામેલ રાખવી.) | નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

બિડાણ : ચેકલીસ્ટ

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

## બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતીને બહાલી આપવા માટે ચકાસણી કરવાનું પત્રક

| ક્રમ | વિગત | રીમાર્કસ |
|---|---|---|
| ૧ | શાળાનું નામ | |
| ૨ | વિદ્યાર્થી સંખ્યા | |
| ૩ | મંજુર થયેલ વર્ગ | |
| ૪ | મળવાપાત્ર શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક જગ્યાઓ | |
| ૫ | ભરાયેલ શિક્ષક / બિન શૈક્ષણિક જગ્યા<br>શિક્ષકનું / કર્મચારીનું નામ<br>શૈક્ષણિક લાયકાત<br>નિમણુંક તારીખ | |
| ૬ | સંસ્થાએ માંગેલ એન.ઓ.સી.ની વિગત | |
| ૭ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આપેલ એન.ઓ.સી.ની વિગત | |
| ૮ | સંસ્થાએ જાહેરાત આપ્યાની વિગત<br>વર્તમાનપત્રનું નામ :<br>જાહેરાત આપ્યા તારીખ : | |
| ૯ | વર્તમાનપત્ર બહોળી પ્રસિધ્ધિ ધરાવે છે ? | |
| ૧૦ | આવેલ અરજીઓની વિગત<br>કેટલી અરજીઓ આવી ?<br>મેરીટની યાદી સામેલ રાખવી. | |
| ૧૧ | પસંદગી સમિતિના સભ્યોના નામ | |
| ૧૨ | પસંદગી સમિતિનું કોરમ નિયમોનુસાર કેટલા સભ્યોનું થાય ? | |
| ૧૩ | કોરમ થયેલ છે કે નહીં ? | |
| ૧૪ | એન.ઓ.સી. પ્રમાણે ઉમેદવાર લાયકાત ધરાવે છે કે કેમ ? | |
| ૧૫ | પસંદગી સમિતિએ આપેલ ગુણાંકન વખતો વખતના નિયમો પ્રમાણે સુસંગત છે કે કેમ ? | |
| ૧૬ | ઉમેદવાર રાજય બહારની યુનિવર્સિટીનું પ્રમાણપત્ર ધરાવે છે કે કેમ ? | |
| ૧૭ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનો આખરી નિર્ણય | |

# અનુક્રમણિકા

જિ.શિ.અ. ની કામગલાઉ બહાલી મેળવ્યા બાદ કમિશનર કચેરીની બહાલી મેળવવા ફાઈલમાં રજૂ કરવાનાં સાધનિક કાગળો

શાળાનું નામ/ સરનામુ................................................................................................જગ્યાઃ ..............................

એન.ઓ.સી ના વિષય / આવશ્યક લાયકાત........................................................................................................

એન.ઓ.સી અનામત કેટેગરી ની હોયતો જાતિ : ..................................ઈન્ટરવ્યુની તારીખઃ–...............................

ઈન્ટરવ્યુનું સ્થળઃ–..................................................................................................................................

| ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | જિ.શિ.અ.કચેરી તથા શાળાનો બહાલી મેળવવા માટેનો ફોરવર્ડિંગ લેટર | |
| ૨ | શાળામાં જગ્યા ઉભી થયાનો આધાર | |
| ૩ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આપેલ એન.ઓ.સી.ની પ્રમાણિત નકલ | |
| ૪ | સંસ્થાએ જગ્યા ભરવા અંગે આપેલ જાહેરાતનું આખું પાનું (અસલમાં) | |
| ૫ | બીજા,ત્રીજા અને ચોથા પ્રયત્નની નકલો અને મંજુરીનો આધાર | |
| ૬ | જાહેરાતનાં અનુસંધાનમાં આવેલ તમામ અરજીઓને શાળાના ઈન્વર્ડ રજીસ્ટરમાં તારીખ મંજુર નોંધ કરી બનાવવામાં આવેલ અરજીઓનું પત્રક–૧ | |
| ૭ | સદર જગ્યા ભરવા માટે મળેલ વાંધા અરજી અંગેની માહિતી જો વાંધા અરજી ન હોય તો નથી તેવું પ્રમાણપત્ર | |
| ૮ | યુનિ.રોજગાર સમાજ કલ્યાણ કે અન્ય કચેરીએથી નામો મંગાવવા અંગેનો આધાર રજિ.એ.ડી.ની પાવતી તથા પહોંચ | |
| ૯ | યુનિ.રોજગાર કચેરી સમાજ કલ્યાણ ઓફિસથી મળેલ નામોની યાદીની નકલ | |
| ૧૦ | જાહેરાતનાં અનુસંધાને આવેલ તમામ અરજીઓની ગુણાંકન મુજબ મેરીટ યાદી (ઉતરતા ક્રમમાં) રોજગાર – યુનિ.માંથી આવેલ નામોની યાદી સાથે. | |
| ૧૧ | ગુણાંનુક્રમે ઈન્ટરવ્યુ કોલ છોડવામાં આવેલ હોય તો ગુણાનુંક્રમે ઈન્ટરવ્યુમાં બોલાવવા અંગેનો ઠરાવ | |
| ૧૨ | ઈન્ટવ્યુ તારીખ મળ્યા અંગેનો આધાર | |
| ૧૩ | પસંદગી સમિતિમાં ટ્રસ્ટી મંડળની કારોબારી સમિતિનાં ઠરાવની પ્રમાણિત નકલ | |
| ૧૪ | પસંદગી સમિતિમાં શિક્ષક પ્રતિનિધિ નક્કી કરવા માટે શિક્ષકશ્રીઓએ કરેલ ઠરાવની નકલ | |
| ૧૫ | જાતિ પ્રમાણપત્ર / શૈ.સા.પછાત વર્ગોની જગ્યા માટે ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવાનું ક્રિમિલેયર પ્રમાણપત્ર. | |
| ૧૬ | પસંદગી સમિતિનાં સભ્યોને ઈન્ટરવ્યુ તારીખની જાણ કર્યા અંગેનો આધાર | |
| ૧૭ | ઈન્ટરવ્યુમાં હાજર રહેવા અંગે મોકલેલ ઈન્ટરવ્યુ કોલની નકલ (તમામ) | |
| ૧૮ | ઉમેદવારોને ઈન્ટરવ્યુ કોલ મોકલ્યા અંગેના રજિ.એ.ડી. કર્યાની પાવતી | |
| ૧૯ | ઉમેદવારોને ઈન્ટરવ્યુ કોલ મળ્યા બદલ ઉમેદવાર પાસેથી પરત આવેલ એ.ડી. ની પહોંચ | |
| ૨૦ | ઈન્ટરવ્યુમાં હાજર–ગેરહાજર ઉમેદવારોનું સંયુકત પત્રક(હાજર ઉમેદવારની સહી સાથેનું) | |
| ૨૧ | ઈન્ટરવ્યુંમાં હાજર રહયા બદલ દાખલો મળ્યા અંગે ઉમેદવારની સહીવાળું પત્રક | |
| ૨૨ | પસંદગી સમિતિનાં સભ્યોનું વ્યકિતગત ગુણાંકન પત્રક(ગુણાંકનપત્રક–૩) | |
| ૨૩ | એકંદરી ગુણાંકન પત્રક–૫ | |
| ૨૪ | સદર જગ્યા માટે પસંદ કરેલ પ્રથમ ત્રણ ઉમેદવારોની પસંદગીની વિગતો દર્શાવતું પત્રક. | |
| ૨૫ | ઉમેદવારની પસંદગી અંગેનું રોજકામ(વિગતવાર) | |
| ૨૬ | પસંદ કરેલ પ્રથમ ત્રણ ઉમેદવારનાં પ્રમાણપત્રો તથા અનામત જગ્યા હોય તો જાતિનો પ્રમાણપત્રો તથા અરજી નકલ. | |
| ૨૭ | હાજર ઉમેદવારા પૈકી અનુભવનાં ગુણ મૂકયા હોય તો અનુભવનાં પ્રમાણપત્રની પ્રમાણિત નકલ | |
| ૨૮ | એન.ઓ.સી. જુના શિક્ષક માટે આપેલ હોય તો જુના શિક્ષકની પસંદગી ન કરવાનાં કારણો. | |
| ૨૯ | નિયત નમૂનામાં બોર્ડનાં પ્રતિનિધિનું પ્રમાણપત્ર | |
| ૩૦ | ફાજલ સમાવવા, રીકોલ કરવા,હાઈકોર્ટ,ટ્રીબ્યુનલ,રહેમરાહે કે અન્ય વિવાદી મુદ્દો ચાલતો નથી તેવું બાહેધરી પત્ર. | |
| ૩૧ | પસંદગી સમિતિમાં બેસનાર સભ્યનાં નજીકનાં સગા પસંદ થયેલ છે કે કેમ? પ્રમાણપત્ર | |
| ૩૨ | નિયત પ્રમાણ પ્રમાણે શાળામાં મળવાપાત્ર મહેકમ અંગેની વિગત દર્શાવતું પત્રક | |
| ૩૩ | ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરનાં વખતો વખતના પરિપત્ર મુજબ ભરતીની કાર્યવાહી કરેલ છે તે મતલબનું બાંહેધરી પત્ર. | |
| ૩૪ | જિ.શિ.અ.કચેરી તરફથી મેળવેલ બહાલી | |
| ૩૫ | નિમણૂક હુકમની નકલ | |
| ૩૬ | નિમણૂક અન્વયે હાજર થયાના રીપોર્ટની નકલ | |
| ૩૭ | શાળાએ ભૂતકાળમાં ફાજલ જાહેર કરેલ નથી તેમજ ફાજલ કરેલ કર્મચારીને રીકોલ કરવાના બાકી નથી તેમજ જે તારીખે ખાલી જગ્યા ભરવા એન.ઓ.સી.મેળવેલું ત્યારે કચેરીમાં ફાજલ કર્મચારી ઉપલબ્ધ ન હોવાનું પ્રમાણપત્ર (જિ.શિ.અ.ની અસલ સહી વાળુ) | |
| ૩૮ | પસંદગી પામેલા રાજય બહારની ડીગ્રી ધરાવતા હોય તો તેના વેરીફીકેશનનો આધાર. | |
| ૩૯ | પસંદગી પામેલા કરતા ઉંચી મેરીટવાળા ગે.હા.હોય તો જિ.શિ.અ.ધ્વારા થયેલ સ્પીકીંગ ઓર્ડર | |
| ૪૦ | લઘુમતી શાળા હોય તો તેનો આધાર | |
| ૪૧ | જગ્યા બીન શૈક્ષણિક હોયતો આ બહાલી સહિત ના કર્મચારી ઓના વિગત તેમજ ૨૦ ટકા જગ્યાકાપ લાગુ પડે છે કે નહી. | |
| ૪૨ | ઉપરના તમામ આધારો ની ઝેરોક્ષ નકલ સુવાચ્ય અને પ્રમાણિત કરવામાં આવેલ છે કે કેમ ખાતરી કરી પ્રમાણપત્ર આપવું. | |